હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ના સાહેબ હવે અમારે ગામમાં કોઈ પ્રોબ્લેમ નથી... ખાલી ઈન્ટરનેટની સ્પીડ વધે એવું કાંઈક કરો...!!

ગુણોત્સવમાં નબળા પુરવાર થયેલા જિલ્લામાં "મિશન વિદ્યા" માટે મુખ્ય સચિવ સહિત ૬ અધિકારીઓ જોડાશે

મિશન વિદ્યાનો વનમંત્રી ગણપત વસાવાએ સરગાસણ ખાતે પ્રારંભ કરાવ્યો મુખ્ય સચિવ ગાંધીનગર શહેરની શાળાઓમાં મોનીટરીંગ કરશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં મિશન વિદ્યાનો આજથી વિધિવત્ આરંભ રાજયના વનમંત્રી ગણપતભાઈ વસાવાએ કરાવ્યો છે. સરગાસણ પ્રાથમિક શાળા ખાતે તેમણે આ મિશનનો આરંભ કરાવતાં સાક્ષરતાનું મહત્વ સમજાવ્યુ હતુ.

રાજયમાં વાંચન, લેખન અને ગણનમાં સૌથી નબળો પુરવાર થયેલો ગાંધીનગર જિલ્લો સરકાર દ્વારા સતત બે દિવસ યોજાયેલ "મિશન વિદ્યા"ની વિડીયો કોન્ફરન્સમાં ટીકાને પાત્ર રહ્યો છે. અત્યંત નબળા પરિણામોને પગલે જિલ્લામાં "મિશન વિદ્યા"ના અસરકારક અમલીકરણ માટે રાજયના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંહ, અધિક મુખ્ય સચિવ રાજીવકુમાર ગુપ્તા, અગ્ર સચિવ રાજગોપાલ, મુખ્યમંત્રીના કાર્યાલયમાં સચિવ તરીકે ફરજો બજાવતા અશ્વિનીકુમાર પણ જિલ્લાની વિવિધ શાળાઓની મુલાકાત લેવાના છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંહ ગાંધીનગર શહેરની જીઈબી, સે. ૨૯ની શાળા નં. ૧, સે. ૩૦ની શાળા નં. ૨, સે. ૨૪ની શાળા નં. ૨ અને આદિવાડાની શાળાઓની મુલાકાત લેનાર છે.

તો મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમાર કલોલ શહેરની ત્રણ શાળાઓ તેમજ ધાનજની મુલાકાત લેવાના છે.

રાજીવકુમાર ગુપ્તા માણસા તાલુકામાં મોનીટરીંગ માટે જવાના છે. જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયા દહેગામ જવાના છે તો અધિક મુખ્ય સચિવ રાજગોપાલ તારાપુર, અંબાપુર, પોર, કુડાસણ અને અડાલજ ગામની શાળાઓની મુલાકાત લેનાર છે.

આ ઉપરાંત જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગા સરઢવ, રૂપાલ અને કોલવડાની મુલાકાત લેવાના છે.

મળતી વિગતો પ્રમાણે આ શાળાઓમાં ૦ થી ૪ માર્ક વાંચન-ગણન અને લેખનમાં ૩૯ બાળકોથી લઈ ૭૫ બાળકો મળી આવ્યા છે. જિલ્લામાં ડી ગ્રેડ મેળવનાર શાળાઓમાં ગાંધીનગર તાલુકામાં સૌથી વધુ નોંધાઈ છે તે પણ નોંધનીય છે.

આજે રાજયના વનમંત્રીએ આ મિશનની ગંભીરતાનો ખ્યાલ આપતાં જણાવ્યુ હતુ કે શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ભારે મહેનત કરવાની જરૂર છે. આ ગુણોત્સવના પરિણામો પ્રોત્સાહનજનક નથી મળ્યા તે ચિંતાનો વિષય છે.

મંત્રીનું પહોંચવુ અને સરગાસણમાં વીજ પુરવઠો ખોરવાયો...

વનમંત્રી ગણપત વસાવા આજે સરગાસણ ખાતે "મિશન વિદ્યા" પ્રોજેક્ટનો પ્રારંભ કરાવવા પહોચ્યા ત્યારે જ ગામમાં વીજળી વેરણ થઈ ગઈ હતી. વીજ પુરવઠો ખોરવાઈ જતાં વનમંત્રીએ વર્ગખંડમાં ચાલતા ઉપચારાત્મક અભ્યાસક્રમનું અર્ધા કલાક સુધી મૂલ્યાંકન કરવાની ફરજ પડી હતી. અર્ધા કલાક પછી ભારે દોડધામને અંતે વીજ પુરવઠો પુનઃ કાર્યરત થતાં મંત્રીએ વિદ્યાર્થીઓ, શિક્ષકોને સંબોધન કર્યું હતું.

ન્યુ ગાંધીનગર તરીકે ડેવલપ થઈ રહેલા ગાંધીનગર શહેરને અડીને આવેલા ગામોમાં વારંવાર વીજપ્રવાહ ખોરવાઈ જવાની વાતો અખબારોના પાને ચમકી ચુકી છે અને જ્યોતિગ્રામની વાતો કહી સરકારે આ વાતો ખોટી હોવાનું કહ્યુ છે. આજે મંત્રીની હાજરીમાં જ વીજળીનો પુરવઠો ખોરવાયો હતો અને અડધા કલાકે પુનઃ પ્રસ્થાપિત થયો હતો.

આજે ચૂંટણીપંચની ખાસ વિડીયો કોન્ફરન્સ યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા આજે રાજયમાં ચાલી રહેલી સતત મતદાર નોંધણી ઝુંબેશ અને અન્ય મુદ્દાઓને લઈ એક ખાસ વિડીયો કોન્ફરન્સનું આયોજન કરાયુ છે.

જિલ્લાઓમાં મતદાર યાદીની સતત સુધારણા ઝુંબેશની સમીક્ષા ઉપરાંત લોકસભાની ચૂંટણી માટે નવા મતદાન મથકોની દરખાસ્ત, નવા મતદારોની નોંધણીની કામગીરી, મતદાર સાક્ષરતા ક્લબની થતી વિવિધ પ્રવૃત્તિઓ સહિતના મુદ્દાઓની સમીક્ષા આ બેઠકમાં કરવામાં આવશે. રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી ડૉ. મુરલી ક્રિષ્ણા આ બાબતોની સમીક્ષા કરનાર છે. જિલ્લાઓમાં નામ નોંધણી પછી ડેટા એન્ટ્રી, ઓળખકાર્ડ તૈયાર કરવાની કામગીરી સહિતના મુદ્દાઓ ચર્ચામાં આવશે.

૧લી સપ્ટેમ્બરના રોજ મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ અર્થાત્ ડ્રાફ્ટ્સ રોલ પ્રસિદ્ધ થવાનો છે. ચૂંટણીપંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ પછી મતદારયાદીની ખાસ સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવનાર હોઈ પંચે ક્ષતિ રહિત મતદારયાદી તૈયાર કરવા પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

જિલ્લા કક્ષાના મિશન વિદ્યાનો શુભારંભ

ગુજરાત સરકાર દ્વારા 'મિશન વિદ્યા'નો પ્રારંભ કરાયો છે. જે અંતર્ગત ગાંધીનગર પાસેના સરગાસણ ગામની સરકારી પ્રાથમિક શાળામાં યોજાયેલા કાર્યક્રમમાં રાજયના વન પર્યાવરણ અને પ્રવાસન મંત્રી ગણપતસિંહ વસાવા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ થકી તેમણે ગાંધીનગર જિલ્લા કક્ષાના 'મિશન વિદ્યા'નો શુભારંભ કરાવ્યો હતો.

ધમાસણા ખાતે ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૬

ધમાસણાના વિજય હનુમાન આશ્રમ ખાતે દંડીબાપુના સાનિધ્યમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુરૂપૂર્ણિમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૭મી જુલાઈ શુક્રવારના રોજ આ મહોત્સવ ઉજવાશે. જેમાં તે દિવસે ગ્રહણ હોવાથી કાર્યક્રમનુ બપોરે ૧૨ કલાકે સમાપન કરાશે. આ કાર્યક્રમના મુખ્ય યજમાન ભોજનદાતા દંડીબાપુના સેવક અને સામાજિક અગ્રણી ગમાજી અંબારામ ઠાકોર છે. ગુરૂપૂર્ણિમા મહોત્સવમાં સવારે ગુરૂ પરંપરા મુજબ પૂજા વગેરે થયા પછી નવા સેવકોને કંઠી અપાશે તેમજ બપોરે ૧૧.૩૦ કલાકે ભોજન પ્રસાદ યોજાશે. આ મહોત્સવમાં તમામ સેવકોએ સવારે સમયસર આવી જવા આશ્રમના પ્રધાનસેવક મહાવીરે અનુરોધ કર્યો છે.

ગાંધીનગર શહેર-તાલુકો તેમજ માણસા તાલુકાના ગુણોત્સવના પરિણામોએ શિક્ષણ જગતને હચમચાવ્યા

શહેરની એક શાળામાં ૯૨ બાળકોને વાંચનમાં ૦ થી ૫ ગુણ તો લેખનમાં ૯૮ બાળકોને અને ગણનમાં ૧૩૯ બાળકોને આ ગુણ મળ્યા : માણસામાં ગણનમાં ૦ થી ૫ ગુણ મેળવનાર બાળકો ૧૮૦, લેખનમાં ૧૩૯ અને વાંચનમાં ૧૧૦ બાળકોની આ સ્થિતિ : સરકાર-તંત્ર-શિક્ષણજગતમાં સન્નાટો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં ગુણોત્સવના મૂલ્યાંકનમાં ગાંધીનગર અને માણસામાં શિક્ષણના સ્તરની ગુણવત્તા કેટલી કથળી છે તે આંખ ખોલી નાંખે તેવી છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં ૯૨ વિદ્યાર્થીઓ એવા છે જેમણે ૦ થી ૫ ગુણ પ્રાપ્ત કર્યા છે તો લેખનમાં ૯૮ વિદ્યાર્થી એવા છે જેમણે ૦ થી ૫ ગુણ મેળવ્યા છે અને ગણનમાં ૦ થી ૫ ગુણ મેળવનાર બાળકોની સંખ્યા ૧૩૯ છે. આ એક સ્કૂલનું પરિણામ છે. આથી રાજય સરકાર ચોંકી ઉઠી છે કે પાટનગરમાં જ આટલુ નિમ્નસ્તર શિક્ષણનું છે. આથી જ રાજયના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંઘને શહેરમાં મિશન વિદ્યાના મોનીટરીંગની જવાબદારી સોંપવામાં આવી છે.

માણસામાં તો આનાથી પણ ખરાબ પરિસ્થિતિ જોવા મળી છે. એક શાળામાં ગણનમાં ૦ થી ૫ માર્કસ મેળવનાર બાળકોની સંખ્યા ૧૮૦ તો લેખનમાં ૧૩૯ બાળકો અને વાંચનમાં ૧૧૦ બાળકોને આ ગુણ પ્રાપ્ત થયા છે.

દિવા તળે અંધારા જેવી સ્થિતિ જોઈ સરકારે માણસા તાલુકાના મોનીટરીંગની જવાબદારી અધિક મુખ્ય સચિવ રાજીવકુમાર ગુપ્તાને સોંપી છે.

ગાંધીનગર શહેર અને માણસા તાલુકાના પરિણામે શિક્ષણજગતને હચમચાવી દીધુ છે અને એટલે જ "મિશન વિદ્યા" માટે બે દિવસ સતત યોજાયેલ વિડીયો કોન્ફરન્સમાં નબળા ગાંધીનગરના પરિણામોના ઉલ્લેખ સાથે તેનો આરંભ થયો હતો.

ગાંધીનગર જિલ્લામાં ગુણવત્તાસભર અને ઉચ્ચસ્તરીય શિક્ષણની વાતો મોટી થાય છે પરંતુ તે પરિણામલક્ષી પુરવાર થઈ નથી. તંત્રએ વધુ ગંભીરતા દાખવવી પડશે તેમજ વાલીઓએ પણ એટલી જ સક્રિયતા દાખવવી પડશે.

ચિલોડા પાસે અજાણ્યા વાહનની ટક્કરથી ગાયનો પગ કચડાયો

ગાંધીનગર તાલુકાના પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથકે જાહેરમાર્ગો પર ચોમાસાની સીઝનમાં મોડી સાંજે રખડતી ગાયોના અડીંગા રોડ પર જમાવટ કરી બિન્દાસથી આરામ કરતી ગાયોના ટોળાં વાહનચાલકો માટે જોખમકારક બન્યા છે. રાત્રે ગાયોના ટોળાના ત્રાસથી ખેતરોમાં ભેલાણના મુદ્દે ખેડૂતો ત્રાહિમામ પોકારી રહ્યા છે. ચિલોડા-ગાંધીનગર માર્ગ પર અક્ષર કોમ્પલેક્ષની સામે એક અજાણ્યા વાહનચાલકે રખડતી ગાયને અડફેટે લેતાં ગાયના પગે ગંભીર ઈજા પહોંચતા જીવદયાપ્રેમી પશુઓની સારવાર કરતા બાલાજી ઠાકોરને તુરત બોલાવી ઈજાગ્રસ્ત ગાયને બચાવવા સારવાર આપી હતી.

જિલ્લાના માસ્ટર ક્રિમિનલ્સ પર હવે પોલીસની 'બાજ' નજર રહેશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના માસ્ટર ક્રિમિનલ્સ ઉપર બાજની જેમ નજર રાખી શકાય તેવી ગાંધીનગર પોલીસ માટે ખાસ એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લા પોલીસ વડા વિરેન્દ્ર સિંહ યાદવ દ્વારા ખાનગી એજન્સીની મદદથી તૈયાર કરવામાં આવેલી આ રસપ્રદ એપ્લિકેશનનું નામ બાજ રાખવામાં આવેલું છે. જિલ્લાની પોલીસ માટે તૈયાર કરેલી આ એપ્લિકેશનની મદદથી પોલીસ માટે હિસ્ટ્રીશીટરોનો ડેટા મેળવવો અને તેમના સરનામા સુધી પહોંચવુ આંગળીના ટેરવે હશે. પ્રોપર્ટી ઓફેન્સના જિલ્લાના તમામ આરોપીઓના લેટેસ્ટ અપડેટ તો આ એપમાં હશે જ. તે ઉપરાંત જે વિસ્તારમાં પોલીસ ઉભી હશે તે વિસ્તારના તમામ ક્રિમિનલ્સનો ડેટા પણ આ એક એપ્લિકેશનમાં તેની હિસ્ટ્રી સાથે બતાવી દેશે. એટલું જ નહીં તે આરોપીના ઘર સુધી જીપીએસ મારફતે પોલીસને એપ્લિકેશન લઈ જશે.

જિલ્લાના માસ્ટર ક્રિમિનલ્સ ઉપર નજર રાખવા માટે બાજ એપ્લીકેશન તૈયાર કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લાના અત્યાર સુધીના દરેક માસ્ટર ક્રિમિનલ્સના રેકોર્ડ અને આ એપ્લિકેશનમાં ચડાવી દેવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લાની દરેક પોલીસના મોબાઈલમાં આ એપ્લિકેશન 'બાજ' ઈન્સ્ટોલ કરવામાં આવશે. જેથી દરેક પોલીસ શંકાસ્પદ ઘટના જણાતા ફિલ્ડમાં ગમે ત્યારે એટ અ ટાઈમ પાસ્ટ ક્રિમિનલ્સના રેકોર્ડ ને જોઈ શકશે. જિલ્લાના કયા વિસ્તારમાં વધુ ક્રિમિનલ્સ રહે છે અને કયા પ્રકારના ગુનાઓ કયા સ્થળે વધુ થાય છે તે અંગે પૃથક્કરણ કરીને પોલીસ પોતાની કામગીરીમાં ફેરફાર કરી ચોક્કસ દિશામાં આરોપીઓ પકડવા કાર્યવાહી કરી શકશે. પાસ્ટ ક્રિમિનલને ચેક કરવાના સમયે પોલીસ આ એપ્લીકેશનની મદદથી ક્રિમિનલના ઘર સુધી જીપીએસ મારફતે પહોંચી શકશે અને આરોપી નો નવો ફોટો અને તેમના લોકેશન પણ ઓટોમેટીક આ એપ્લીકેશનની મદદથી અપડેટ કરી દેવામાં આવશે. આ એપ્લિકેશનમાં હાલ ગાંધીનગર જિલ્લાના ૧૩૭૨ માસ્ટર ક્રિમિનલ્સનો સંપૂર્ણ ડેટા સ્ટોર કરી દેવામાં આવ્યો છે. ભવિષ્યમાં રાજ્યભરના માસ્ટર ક્રિમિનલ્સનો ડેટા પણ આ એપ્લિકેશનમાં સ્ટોર કરવાની ગણતરી છે. ક્રિમિનલ્સની ગુનો કરવાની મોડસ ઓપરેન્ડી પણ આ એપ્લિકેશનમાં ઉમેરવામાં આવી છે જેને પગલે ગુનો બન્યો તેની મોડસ ઓપરેન્ડીનો અભ્યાસ કરીને પોલીસ જુના હિસ્ટ્રીશીટરો ની મોડસ ઓપરેન્ડીનો અભ્યાસ કરીને તેના ઈન્ટ્રોગેશન પણ સરળતાથી કરી શકશે.

જિલ્લામાં ક્રિમિનલ હિસ્ટ્રી ધરાવતા આરોપીઓ સુધી પહોંચવા ગાંધીનગર પોલીસ માટે ખાસ એપ્લિકેશન તૈયાર કરાઈ : આરોપીઓના લેટેસ્ટ અપડેટ સાથેની આ એપ્લિકેશન પોલીસને હિસ્ટ્રીશીટરના ઘર સુધી જીપીએસ મારફતે લઇ જશે : એસપીએ લોન્ચ કરી 'બાજ' એપ્લિકેશન

માહિતી ખાતાના વર્ગ-૩ મંડળના હોદેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૬

ગાજુરાત રાજય માહિતી ખાતા કર્મચારી મંડળની તાજેતરમાં સામાન્ય સભા મળી હતી. જેમાં દિનેશ ચૌહાણની પ્રમુખ તરીકે અને કે.સી.કણઝરીયાની મહામંત્રી તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

ગાંધીનગર ખાતે મળેલી સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષ માટે હોદેદારો તેમજ કારોબારીની રચના કરવામાં આવી છે. જેમાં ઉપપ્રમુખ તરીકે જગદીશ સત્યદેવ, દિલિપ ગજ્જર, કિરીટ બેન્કર, જી.એસ.ઠાકોર, બી.ટી.ઠુમર, સહમંત્રી પી.આર.બારોટ, ખજાનચી તરીકે જે.એલ.ચૌધરી, સંગઠન મંત્રી તરીકે પી.એચ.ચૌધરી (વડીકચેરી), સંજય રાજયગુરુ (સૌરાષ્ટ્ર ઝોન) એસ.બી.સુખડીયા મધ્યઝોન, અક્ષય દેસાઈ દક્ષિણ ઝોન, અને સુરેશ રાવળ ઉતરઝોનની નિમણુંક કરવામાં આવી છે. કારોબારી સભ્યોમાં હસમુખ પટેલ, પ્રવિણ પટેલ, દેવાંગ મેવાડા, એન.એલ. દલવાડી, પરિમલ પટેલ, પી.પી.સોરઠીયા, એન.પી.ક્કકડ, અજય શાહ, સંજય પટેલ, ભરૂચ, મહેશ પટેલ વલસાડ, વી.જી.નાયક, ટી.કે.કલાણી, ઉર્વશીબેન રાવલ અને ફોરમબેન રાઠોડની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

એલસીબીની ટીમે પેથાપુર સર્કલથી વિદેશી દારૂની હેરાફેરી કરતી ઈન્ડિગો ગાડી પકડી

સાડા ત્રણ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સોની ધરપકડ : પકડાયેલા બંને અમદાવાદના બુટલેગરો રાજસ્થાનના બુટલેગર પાસેથી માલ આવ્યા હતા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર એલસીબીની ટીમે ચોક્કસ બાતમીને આધારે ગઈ રાત્રે પેથાપુર સર્કલ પાસે વોચ ગોઠવીને રાજસ્થાનથી વિદેશી દારૂ ભરીને કાર અમદાવાદ તરફ લઈ જઈ રહેલા બે બુટલેગરોને વિદેશી દારૂના જથ્થા સાથે પકડી પાડયા હતા. વિદેશી દારૂની ૧૦૮ બોટલ સાથે અમદાવાદના બંને બુટલેગરોની ધરપકડ કરી તેમની પાસેથી મળેલી વિદેશી દારૂની બોટલો તથા કાર મળી કુલ સાડા ત્રણ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. અમદાવાદના બંને પકડાયેલા બૂટલેગરને પૂછપરછમાં બહાર આવ્યું છે કે તેઓ રાજસ્થાનના મોટા બુટલેગર પાસેથી આ માલ ભરીને લાવ્યા હતા અને અમદાવાદ લઈ જઈ રહ્યા હતા.

એલસીબી પીઆઈ જે.ડી પુરોહિતની સૂચનાથી તેમની ટીમ વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા અને જિલ્લા માટે થઈ રહેલી દારૂની હેરાફેરી પકડવા સક્રિય છે ત્યારે એલસીબી પીએસઆઈ એચ.કે.સોલંકી અને તેમની ટીમ પેથાપુર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન જમાદાર રણજીતસિંહને બાતમી મળી હતી કે મહુડી તરફથી આવતી ઈન્ડિગો ગાડી નંબર જીજે ૧ ડી.એક્સ ૧૯૦૨માં વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી છે અને પેથાપુર તરફ આ ગાડી આવી રહી છે. એલસીબીને મળેલી આ બાતમીના આધારે ટીમે પેથાપુર ચોકડી પાસે વોચ ગોઠવી વાહન ચેકિંગ શરૂ કરી દીધું હતું.

બાતમીવાળી કાર ત્યાંથી પસાર થતા તેને રોકી કારમાં તપાસ કરતા અંદરથી ૧૦૮ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. રૂ.૪૩,૨૦૦ની કિંમતનો દારૂ તથા ત્રણ લાખની ગાડી અને બે મોબાઈલ તથા એક હજાર રોકડ મળી કુલ રૂ.૩,૪૬,૨૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી એલસીબીની ટીમે વિદેશી દારૂની હેરાફેરી કરી રહેલા અમદાવાદ કુબેર નગર વિસ્તારના બંને બુટલેગરો સની રમેશચંદ્ર ગંગવાણી અને ખુમાનસિંહ પ્રવિણસિંહ ઝાલાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બંને અમદાવાદના બુટલેગરોની પૂછપરછમાં બહાર આવ્યું છે કે તેઓ રાજસ્થાનના રાજેશ પાંડોર નામનાં બુટલેગર પાસેથી આ માલ ભરીને આવ્યા હતા. પોલીસે રાજેશ પાંડોર નામના શખ્સની ધરપકડ માટે પણ કવાયત શરૂ કરી છે.

ગાંધીનગર જિલ્લાના ફેન્સિંગ એસોસિએશન દ્વારા સેક્ટર-૭માં ફેન્સિંગ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના ફેન્સિંગ એસોસીએશન દ્વારા સેક્ટર-૭માં જિલ્લા કક્ષાની ફેન્સિંગ સ્પર્ધાનું ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિવિધ કેટેગરી જેવી કે અન્ડર-૧૨ મીની, સબ જુનિયર અન્ડર-૧૪, કેડેટ અન્ડર-૧૭ વગેરે યોજાઈ હતી. આ સ્પર્ધાના ઉદઘાટન પ્રસંગે કન્યા વિદ્યાલયના ટ્રસ્ટી શંકરભાઈ ચૌધરી, આચાર્યા રમીલાબેન, કેમ્પસ ડાયેરકટર યશવંતભાઈ, એમેચ્યોર ફેન્સિંગ એસોસિએશન ઓફ ગુજરાતના મંત્રી ભરતજી ઠાકોર, શાળાના વ્યાયામ શિક્ષિકા હેતલબેન, હેન્ડબોલ ડિસ્ટ્રીકટ કોચ પ્રિયંકાબેન, ફેન્સિંગ ટ્રેનર કિંજલબેન, મેનેજર રીગ્નેશભાઈ વગેરેએ ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધામાં ૧૦૨ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

ગાંધીનગર મહાનગર ભાજપના સૌ હોદેદારો, તેમજ કોર્પોરેટર્સ દ્વારા સાબરમતિ નદીમાં ઉપરવાસમાં થયેલા વરસાદને પગલે નદીમાં આવેલા નવા નીરનો જળ પૂજનનો કાર્યક્રમ કર્યો હતો. તેમજ નદીની શાસ્ત્રોકત વિધી પ્રમાણે નદીના નવા નીરના વધામણા કરવામાં આવ્યા હતા.

ગાંધીનગર જિલ્લા એનસીડી સેલ અને ૧૦૮ જીએમઈના તંત્રના સહયોગથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ઓપીડી બિલ્ડીંગના ચોથા માળે એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સિવિલમાં ફરજ બજાવતા ૭૦ થી વધુ કર્મચારીઓએ ભાગ લીધો હતો. આ સેમીનારમાં ૧૦૮ ના કર્મચારીઓએ હાર્ટ એટેક આવે તે સમયે, સાપ, વીંછી કે શ્વાન કરડે ત્યારે દર્દીને પ્રાથમિક સારવાર શું કરી શકાય અને શું કરવી તેની સમજણ આપી હતી. જયારે મેડીકલ અને ટ્રોમાં ઈમરજન્સીને અનુલક્ષી દરેક સભ્યોએ ફરજીયાત પ્રાયોગીક તાલિમ લીધી હતી. આ સેમીનારમાં જિલ્લા એનસીડી સેલના ડો.ચિંતન ગોંડલીયા તેમજ તેમનો સ્ટાફ હાજર રહ્યો હતો અને સેમીનારને સફળ બનાવ્યો હતો.

અડાલજ ત્રિ-મંદિર દર્શન કરવા નીકળેલા જમિયતપુરાના પ્રૌઢ લાપતા

ગાંધીનગર, તા. ૨૬

અડાલજ નજીક આવેલા જમીયતપુરા ગામમાં રહેતા ૫૫ વર્ષીય પ્રૌઢ ઘરેથી ત્રિમંદિરે દર્શન કરવા જવાનું કહીને નીકળ્યા હતા તે હજુ સુધી ઘરે પરત ફર્યા નથી.

ત્રણ દિવસ પહેલા ૨૨ તારીખે બપોરે ૧૨ વાગ્યાના અરસામાં ૫૫ વર્ષીય બુધાજી બેચરજી ઠાકોર પોતાના ઘરેથી અડાલજ ખાતે આવેલા દાદા ભગવાનના મંદિરે દર્શન કરવા જવાનું કહીને નીકળ્યા હતા. રાત વીતી ગયા બાદ પણ તેઓ ઘરે પરત ન ફરતા તેમના પરિવારના સભ્યો દ્વારા શોધખોળ શરૂ કરવામાં આવી છે. મિત્રવર્તુળ અને સગા સંબંધીઓને ત્યાં તપાસ કર્યા બાદ પણ તેમની ક્યાયથી ભાળ મળી નથી.

ત્રણ દિવસ થઈ ગયા બાદ પણ હજુ સુધી તેમના કોઈ સગડ મળ્યા નથી. આખરે લાપતા થયેલા બુધાજીના પુત્ર બળદેવજીએ અડાલજ પોલીસ મથકમાં ગુમ થયા અંગેની જાણવાજોગ આપતા પોલીસે પણ તેમની શોધખોળ શરૂ કરી છે.

ગાંધી મિત્ર વર્તુળની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરની માસિક જુલાઈ માસની બેઠક તા. ૨૮ -૭-૧૮ને શનિવારના રોજ સાંજના ૫ કલાકે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર સેકટર-૨૩ ૬૧-૧ ઘ ટાઈપ ખાતે યોજાશે. આ બેઠકમાં સૌ ગાંધીમિત્રોને ભાવિકોને ઉપસ્થિત રહેવા ભાનુપ્રસાદ પુરાણીએ અનુરોધ કર્યો છે.

જમીયતપુરા કેનાલમાંથી અજાણી મહિલાનો મૃતદેહ મળ્યો

અડાલજ નજીક આવેલા જમીયતપુરા ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી ગઈકાલે મોડી સાંજે એક બિનવારસી મહિલાનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. જમિયતપુરા ગામમાં રહેતા કિશોરભાઈ રાજુભાઈ દંતાણીનુ કેનાલમાં તરી રહેલા મહિલાના મૃતદેહ પર ધ્યાન પડતા તેણે આ ઘટના અંગે અડાલજ પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. અડાલજ પોલીસ મથકના જમાદાર મુરજીભાઈ સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ બહાર કઢાવી પોસ્ટમોર્ટમ માટે મોકલી તેની ઓળખ માટે કવાયત શરૂ કરી છે. તો બીજી તરફ મૃતક બિનવારસી મહિલાની ઓળખ થાય તેવા કોઈ પુરાવા તેની પાસેથી મળી આવ્યા ન હતા. મૃતક મહિલા આશરે ૪૦ થી ૪૫ વર્ષની હોવાની આશંકા છે અને તેના બંને હાથે પિત્તળની એક-એક બંગડી પહેરેલી છે. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.